પ્રશ્ન : **1** નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમમાં લખો.

(1) બ્રહ્મોસમાજના સ્થાપક કોણ હતા?
(A) રાજા રામમોહનરાય (B) ન્યાયમૂર્તિ રાનડે
(C) દયાનંદ સરસ્વતી (D) સ્વામી વિવેકાનંદ

(2) દયાનંદ સરસ્વતીએ કયો ગ્રંથ લખ્યો?
(A) અવેસ્તા (B) આર્ય પ્રકાશ (C) સત્યાર્થ પ્રકાશ (D) સુબોધ પ્રકાશ

(3) આર્ય સમાજની સ્થાપના કોણે કરી?
(A) દયાનંદ સરસ્વતીએ (B) સ્વામી વિવેકાનંદે (C) રાજારામ મોહનરાયે (D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે

(4) રામકૃષ્ણ મિશનના સ્થાપક કોણ હતા?
(A) દયાનંદ સરસ્વતી (B) સ્વામી વિરજાનંદ (C) સ્વામી વિવેકાનંદ (D) સ્વામી રામકૃષ્ણ

(5) નીચેના પૈકી કયો રોગ જળ પ્રદૂષણથી ફેલાય છે?
(A) કોલેરા (B) ન્યુમોનિયા (C) શરદી (D) ખાંસી

(6) વૃક્ષો ઓછા થવાથી કયા વાયુનું પ્રમાણ વધી ગયું છે?
(A) ઓકિસજન (B) નાઈટ્રોજન (C) નાઈટ્રસ ઓકસાઈડ (D) કાર્બન ડાયોકસાઈડ

(7) વાહન માટેનું કયું બળતણ પ્રદૂષણમુકત છે?
(A) કેરોસીન (B) CNG (C) ડીઝલ (D) પેટ્રોલ

(8) નીચેના પૈકી કયો રોગ હવાના પ્રદુષણથી થાય છે?
(A) ઝાડા–ઊલટી (B) કમળો (C) દમ (D) કેન્સર

(9) નીચેના પૈકી કોણ જહાલવાદી નેતા ન હતા?
(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) બિપીનચંદ્ર પાલ (C) લાલા લજપતરાય (D) લોકમાન્ય ટિળક

(10) 'મુસ્લિમ લીગ' ની સ્થાપના કયારે થઈ?
(A) ઈ.સ. 1905 માં (B) ઈ.સ. 1906 માં (C) ઈ.સ. 1909 માં (D) ઈ.સ. 1911 માં

(11) અંગ્રેજોની કઈ નીતીએ ભારતને પાયમાલ કર્યું?
(A) મહેસુલ નીતિ (B) આર્થિક નીતિ (C) રાજકીય નીતિ (D) ધાર્મિક નીતિ

(12) જહાલવાદ એટલે ................ .
(A) સ્વદેશી માલનો વિરોધ કરવો. (B) ઉગ્ર અને સક્રિય આંદોલનમાં માનનારા
(C) નરમ કાર્યશૈલીમાં માનનારા (D) બ્રિટીશરોને સાચા માનનારા

(13) આપણા દેશની સર્વોચ્ચ અદાલત કયાં આવેલી છે?
(A) મુંબઈ (B) દિલ્લી (C) કોલકાત્તા (D) ચેન્નાઈ

(14) ભારતમાં જાહેર હિતની અરજીનો પ્રારંભ કયારે થયો?
(A) ઈ.સ. 1950 (B) ઈ.સ. 1975 (C) ઈ.સ. 1981 (D) ઈ.સ. 1980

(15) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કોણે કરી હતી?
(A) વિનાયક સાવરકરે (B) ચંદ્રશેખર આઝાદે (C) વાસુદેવ બળવંત ફડકેએ (D) શ્યામજીકૃષ્ણ વર્માએ

(16) ભારતમાં વિદેશી કાપડની હોળી સૌપ્રથમ કોણે કરી હતી?
(A) રામપ્રસાદ બિસ્મિલ (B) ચંદ્રશેખર આઝાદ (C) ખુદીરામ બોઝે (D) વિનાયક દામોદર સાવરકરે

(17) મીઠું લઈને પસાર થતી હોડીઓને કોણ ઉથલાવી દેતું હતું?
(A) રામપ્રસાદ બિસ્મિલ (B) ખુદીરામ બોઝ (C) અશફાક ઉલ્લાખાં (D) ચંદ્રશેખર આઝાદ
(18) મિત્રમેલા નામની સંસ્થા કોણે સ્થાપી હતી?
(A) વિનાયક સાવરકરે (B) ચંદ્રશેખર આઝાદે (C) રામપ્રસાદ બિસ્મિલે (D) વાસુદેવ ફડકેએ
(19) ભારતમાં દર કેટલાં વર્ષ વસ્તીગણતરી કરવામાં આવે છે?
(A) ચાર (B) પાંચ (C) દસ (D) બાર
(20) વિશ્વમાં વિસ્તારની દ્રષ્ટિએ ભારત કેટલામાં ક્રમે છે?
(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) સાતમા
(21) વસ્તીની દ્રષ્ટિએ કયો દેશ વિશ્વમાં પ્રથમ સ્થાને છે?
(A) ચીન (B) રશિયા (C) યુ.એસ (D) ભારત
(22) છેલ્લા દાયકામાં ભારતની વસ્તીનો વૃદ્ધિદર વાર્ષિક કેટલો હતો?
(A) 1.2 (B) 0.3 (C) 1.4 (D) 1.6
(23) ગાંધીજી દક્ષિણ આફ્રિકા શા માટે ગયા?
(A) વધુ અભ્યાસ માટે (B) વકીલાત કરવા માટે (C) વેપાર કરવા માટે (D) પ્રવાસ કરવા માટે
(24) ગાંધીજીએ અમદાવાદમાં સૌપ્રથમ કયા આશ્રમની સ્થાપના કરી?
(A) પવનાર આશ્રમની (B) સત્યાગ્રહ આશ્રમની (C) સાબરમતી આશ્રમની (D) પાલડી આશ્રમની
(25) ઈ.સ. ૧૯૧૭ માં ગાંધીજીએ બિહારમાં કયો સત્યાગ્રહ કર્યો?
(A) દાંડી સત્યાગ્રહ (B) ખેડા સત્યાગ્રહ (C) ચંપારણ સત્યાગ્રહ (D) બોરસદ સત્યાગ્રહ
(26) જલિયાવાલા બાગ કયા શહેરમાં આવેલો છે?
(A) અમૃતસર (B) હૈદરાબાદ (C) રામપુર (D) ચૌરીચૌરા
(27) ગુજરાતમાં ગરીબીરેખા નીચે જીવતા લોકો કેટલા ટકા છે?
(A) 22.2% (B) 10.5% (C) 8.99% (D) 14.7%
(28) કેન્દ્રીય લાંચરુશવત વિરોધી બ્યુરોની સ્થાપના કયારે કરવામાં આવી?
(A) ઈ.સ. 1983 (B) ઈ.સ. 1964 (C) ઈ.સ. 1988 (D) ઈ.સ. 1999
(29) કઈ પ્રવૃત્તિ રાષ્ટ્રના વિકાસમાં અવરોધક છે?
(A) લૂંટફાટની (B) આંતકવાદની (C) સંગ્રહખોરીની (D) કાળા બજારની
(30) નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃત્તિ પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિ છે?
(A) યંત્રઉદ્યોગો (B) કૃષિ (C) માર્ગ પરિવહન (D) આરોગ્ય
(31) ઈ.સ. ૧૯૯૧ માં સરકારે કઈ ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકી?
(A) આર્થિક ઉદારીકરણની (B) ખાનગીકરણની (C) રાષ્ટ્રીયકરણની (D) વૈશ્વિકીકરણની
(32) નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃત્તિ સેવાક્ષેત્રની પ્રવૃત્તિ છે?
(A) શિક્ષણ (B) વીજળી (C) વનસંવર્ધન (D) કારખાનાં
(33) ગાંધીજીએ કઈ ગોળમેજી પરિષદમાં હાજરી આપી?
(A) પહેલી (B) બીજી (C) ત્રીજી (D) સાતમી
(34) ગાંધીજીએ દાંડીકૂચ કયાંથી શરૂ કરી હતી?
(A) સાબરમતી આશ્રમની (B) પાલડી કોચરબ આશ્રમની
(C) વર્ધાના પવનાર આશ્રમની (D) એલિસબ્રીજ સંન્યાસ આશ્રમથી
(35) ગાંધીજીએ વ્યકિતગત સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરી?
(A) વિનોબા ભાવે (B) સરદાર પટેલની (C) પંડિત જવાહરલાલ નહેરૂ (D) મૌલાના આઝાદની
(36) હિંદછોડોનો ઐતિહાસિક ઠરાવ કયારે પસાર થયો?
(A) ૮ ઓગસ્ટ ૧૯૪૨ ની રાત્રે (B) ૫ એપ્રિલ ૧૯૪૨ ની રાત્રે
(C) ૮ ઓગસ્ટ ૧૯૪૧ ની રાત્રે (D) ૩૦ નવેમ્બર ૧૯૪૨ ની રાત્રે
(37) વિશ્વસંસ્થા રચવાનો વિચાર સૌપ્રથમ કોણે રજૂ કર્યો?
(A) જયોર્જ વોશિંગ્ટને (B) અબ્રાહમ લિંકને (C) વુડો વિલ્સને (D) એફ.ડી. રુઝવેલ્ટે

(38) સંયુકત રાષ્ટ્રોની સ્થાપના કયારે થઈ?

(A) ૨૬ જૂન ૧૯૪૫ ના રોજ
(B) ૧ ઓગસ્ટ ૧૯૪૪ ના રોજ
(C) ૧૦ ઓકટોબર ૧૯૪૫ ના રોજ
(D) ૨૪ ઓકટોબર ૧૯૪૫ ના રોજ

(39) દર વર્ષે કયા દિવસને યુ.એન. ડે તરીકે ઉજવવામાં આવે છે?

(A) ૧૫ જાન્યુઆરી (B) ૨૪ ઓકટોબર (C) ૨૦ ડિસેમ્બર (D) ૨૦ ઓકટોબર

(40) યુનિસેફનું વડુ મથક કયાં આવેલું છે?

(A) મોસ્કોમાં (B) પેરિસમાં (C) જિનીવામાં (D) ન્યુયોર્કમાં

(41) ભારત આઝાદ થયો ત્યારે દેશમાં કેટલાં દેશી રાજયો હતા?

(A) 692 (B) 562 (C) 662 (D) 542

(42) ભારતના ભાગલા પાડવાનો નિર્ણય કોણે કર્યા?

(A) લોર્ડ માઉન્ટ બેટને (B) એટલીએ (C) લોર્ડ લિનલિથગોએ (D) ઈંગ્લેન્ડની પાર્લમેન્ટે

(43) સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોને નીમવામાં આવ્યા?

(A) લોર્ડ માઉન્ટબેટને (B) લોર્ડ લિનલિથગોને (C) ચક્રવતી રાજગોપાલાચારીને (D) જવાહરલાલ નેહરૂને

(44) ગુજરાત રાજયની રચના કયારે કરવામાં આવી?

(A) ૫ નવેમ્બર ૧૯૬૧ ના રોજ (B) ૧ મે ૧૯૬૦ ના રોજ (C) ૧૮ જૂલાઈ ૧૯૫૮ ના રોજ (D) ૧ જાન્યુઆરી ૧૯૬૦ ના રોજ

(45) ગુજરાત રાજયનું ઉદ્‌ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું?

(A) બ્રહ્મકુમાર ભટ્ટના (B) ઈન્દુલાલ યાજ્ઞિકના (C) રવિશંકર મહારાજના (D) રતુભાઈ અદાણીના

(46) ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા?

(A) હિતેન્દ્રભાઈ દેસાઈ (B) બળવંતરાય મહેતા (C) ઘનશ્યામભઈ ઓઝા (D) ડૉ. જીવરાજ મહેતા

(47) આફ્રિકામાં કયું સરોવર સૌથી મોટું છે?

(A) ચાડ (B) વિકટોરિયા (C) ટાંગાન્ટિકા (D) મલાવી (ન્યાસા)

(48) વિશ્વમાં કયું સરોવર મીઠાપાણીનું સૌથી લાંબુ સરોવર છે?

(A) સુપીરિયર (B) મિશિગન (C) બાઈકાલ (D) ટાંગાન્ટિકા

(49) આફ્રિકાના કયા ટાપુને ''લવિંગનો ટાપુ'' કહે છે?

(A) ઝાંઝીબાર (B) માડાગાસ્કર (C) મોરિશયસ (D) કોમોરો

(50) વાસ્કો–દ–ગામાએ કઈ સાલમાં યુરોપથી ભારત આવવાનો જળમાર્ગ શોધ્યો હતો?

(A) 1902 (B) 1493 (C) 1498 (D) ૧૯૯૮

પ્રશ્ન : **2 (A)** યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

(1) ...................... આર્યસમાજના સ્થાપક હતા.

(2) વાઈસરોય ....................... બંગાળાના ભાગલા પાડયા.

(3) લાલા લજપતરાય .......................... ના નામે જાણીતા થયા.

(4) આપણા દેશની સર્વોચ્ચ અદાલત ...................... માં છે.

(5) વિનાયક દામોદર સાવરકરે ........................ નામની સંસ્થા સ્થાપી.

(6) ૨૦૧૧ માં માનવીનું સરેરાશ આયુષ્ય ........................ વર્ષ હતું.

(7) વલ્લભભાઈ પટેલે .......................... સત્યાગ્રહનું નેતૃત્વ સ્વીકાર્યું હતું.

(8) નવા વિચારો–શોધો કે જ્ઞાનને સમજવા માટે ....................... અનિવાર્ય છે.

(9) ભારત સરકારે આર્થિક ઉદારીકરણની નીતિ ઈ.સ. .................... માં અમલમાં મૂકી.

(10) બીજુ વિશ્વયુદ્ધ ઈ.સ. ....................... માં શરૂ થયું.

(11) યુનેસ્કોનું વડું મથક ફ્રાન્સના ..................... શહેરમાં આવેલું છે.

(12) 15 ઓગસ્ટ ........................... ના રોજ આપણો ભારત દેશ આઝાદ થયો.

(13) ઈ.સ. ૧૯૯૮ માં ભારતે ..................... પરીક્ષણો કર્યા હતા.

(14) આફ્રિકા અને યુરોપની વચ્ચે .......................... સમુદ્ર આવેલો છે.

પ્રશ્ન : **2 (A)** નીચે આપેલા વિધાન સામે ખરાં કે ખોટાંની નિશાની કરો.

(1) જયોતિબા ફુલે ગુજરાતના જાણીતા સમાજસુધારક હતા.

(2) ચંદ્રશેખર આઝાદ અલ્હાબાદના આલ્ફ્રેડ બાગમાં શહીદ થયા હતા.

(3) જાપાનમાં વરિષ્ઠ નાગરિકોનું પ્રમાણ ઊંચું છે.

(4) ભારતમાં સાક્ષરતાનો દર ક્રમશઃ વધી રહ્યો છે.

(5) મહાત્મા ગાંધી હિંસક આંદોલનના વિરોધી હતા.

(6) ‘‘જનસેવા એ જ પ્રભુસેવા’’ રામકૃષ્ણ મિશનનું સૂત્ર છે.

(7) બેકારીને લીધે શહેરોમાં વસ્તી ઘટતી જાય છે.

(8) ભષ્ટાચારને લીધે મોંઘવારીને ઉત્તેજન મળે છે.

(9) કાન્તા સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે.

(10) ગાંધીજીએ 31 માર્ચ 1930 ના રોજ દાંડીકૂચની શરૂઆત કરી.

(11) વિશ્વશાંતિ માટે સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ જરૂરી છે.

(12) 30 જાન્યુઆરી 1949 ના રોજ ગાંધીજી શહીદ થયા.

(13) પોંડિચેરી ઉપર પોર્ટુગીઝોનો અંકુશ હતો.

(14) આફ્રિકા ખંડનો $\frac{2}{3}$ ભાગ ઉત્તર ગોળાર્ધમાં આવેલો છે.

પ્રશ્ન : **2 (B)** નીચે આપેલા યોગ્ય જોડકાં જોડો.

❖

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| (1) દાંડીકૂચ | a. વિનોબા ભાવે |
| (2) વ્યકિતગત સત્યાગ્રહી | b. ચર્ચિલ |
| (3) ઈંગ્લેન્ડના નવા વડાપ્રધાન | c. જવાહરલાલ નહેરૂ |
| (4) વચગાળાની સરકારના વડાપ્રધાન | d. મહાત્મા ગાંધી |
| | e. એટલી |

❖

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| (1) લીંગ ઓફ નેશન્સની સ્થાપના | a. સામાન્ય સભા |
| (2) સંયુકત રાષ્ટ્રોની સ્થાપના | b. સલામતી સમિતી |
| (3) સંયુકત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ | c. ઈ.સ. 1921 |
| (4) સંયુકત રાષ્ટ્રોનું સૌથી મહત્વનું અંગ | d. ઈ.સ. 1945 |
| | e. ઈ.સ. 1920 |

❖

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| (1) ભારતના પ્રથમ વડાપ્રધાન | a. 15 મી ઓગસ્ટ |
| (2) ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ | b. જવાહરલાલ નહેરૂ |
| (3) બંધારણ સમિતિના અધ્યક્ષ | c. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ |
| (4) સ્વાતંત્ર્ય દિવસ | d. ડૉ. આંબેડકર |
| | e. 26 મી જાન્યુઆરી |

❖

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| (1) કોગોના કિનારા | a. બુશર્મન |
| (2) કાલહરીનું રણ | b. ફેલ્લા |
| (3) કેન્યા | c. હૌસા |
| (4) ઈજિપ્ત | d. પિગ્મી |
| | e. બાન્ટુ |

પ્રશ્ન : 2 (B) મને ઓળખી મારૂં નામ લખો.
(1) મેં વેદ તરફ પાછા વળોનો બોધ આપ્યો હતો.
(2) મેં આનંદમઠ નામની નવલકથા લખી.
(3) મેં મિત્રમેલા નામની સંસ્થા સ્થાપી હતી.
(4) હું આફ્રિકા અને ગીરના જંગલમાં રહુ છું.
(5) હું દરિયાકિનારાનું વૃક્ષ છું.
(6) હું ખેતી માટે ઉપયોગી પશુ છું.
(7) હું વિષુવવૃત્તીય પ્રદેશમાં થતું મુખ્ય વૃક્ષ છું.
(8) હું મધ્ય હિમાલયમાં આવેલો દેશ છું.
(9) મેં સવાદ કૌમુદી નામનું સમાચાર પત્ર શરૂ કર્યું હતું.
(10) મેં પૂનામાં સૌ પ્રથમ કન્યાશાળા શરૂ કરી.
(11) હું હિંદી રાષ્ટ્રીય મહાસભાનો મુખ્ય પ્રમુખ હતો.
(12) માર પ્રયત્નોથી હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ.
(13) મારી પ્રતિજ્ઞા છે કે હું જીવતે જીવ પકડાઈશ નહિ.
(14) મેં ઈન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી હતી.

પ્રશ્ન : 2 (C) નીચેના પ્રશ્નોના એક-બે વાકયમાં જવાબ લખો.
(1) રાષ્ટ્રવાદ એટલે શું?
(2) લોકમાન્ય ટિળકે કયું સૂત્ર આપ્યું?
(3) દેશમાં કાયદાની જરૂર શા માટે છે?
(4) વસ્તીગીચતાની વ્યાખ્યા આપો.
(5) કયા પ્રદેશમાં વસ્તીગીચતા ઓછી હોય છે.
(6) ચંપારણ સત્યાગ્રહ કેવી રીતે સફળ થયો.
(7) ગાંધીજીએ રોલેટ એકટને શા માટે કાળો કાયદો કહ્યો.
(8) મોંઘવારી કોને કહેવાય?
(9) ભષ્ટાચારની વ્યાખ્યા આપો.
(10) સેવાક્ષેત્રમાં કઈ કઈ સેવાઓનો સમાવેશ થાય છે?
(11) ગાંધીજીએ દાંડીકૂચ શા માટે કરી?
(12) ગાંધીજીએ વ્યકિતગત સત્યાગ્રહ શા માટે શરૂ કર્યા?
(13) વિશ્વની પાર્લામેન્ટ કોને કહી શકાય? શા માટે?
(14) યુનેસ્કોનું મુખ્ય કાર્ય શું છે?
(15) પાકિસ્તાનનું નિર્માણ કયારે થયું?
(16) અંગ્રેજોની રાજનીતી શી હતી?
(17) મહાગુજરાત ચળવળ શા માટે કરવામાં આવી?
(18) ભારતની હાલની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે?
(19) સહારાના રણપ્રદેશમાં કેવા પ્રકારની વનસ્પતિ જોવા મળે છે?
(20) આફ્રિકામાં અનાજ અને કઠોળ ઉપરાંત કયા કયા પાકો થાય છે?
(21) સ્વામી શ્રદ્ધાનંદે કયારે, કયું ગુરૂકુળ સ્થાપ્યું?
(22) રાજારામ મોહનરાયનું અવસાન કયાં થયું?
(23) પ્રદુષણ એટલે શું?
(24) જળ–પ્રદૂષણથી કયા રોગોનો ફેલાવો થાય છે?
(25) જહાલવાદના મુખ્ય નેતા કોણ હતા?

પ્રશ્ન : 3 (A) યોગ્ય કારણ આપો.

(1) ઠક્કરબાપાએ પંચમહાલ ભીલ સેવામંડળની સ્થાપના કરી. કારણ કે ......

(2) ઈ.સ. ૧૯૦૫ માં લોર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડયા. કારણ કે ......

(3) ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને એક સાથે ફાંસી આપવામાં આવી કારણ કે....

(4) પહેલા વસ્તી વધારો દેખાતો ન હતો કારણ કે ....

(5) ગ્રામ્ય વિસ્તારોમાં જન્મદરનું પ્રમાણ ઊંચુ રહે છે કારણ કે .....

(6) અંગ્રેજ સરકારે વીર સાવરકરને અંદમાનની જેલમાં મોકલ્યા કારણ કે .......

(7) ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેચ્યું કારણ કે ......

(8) રોલેટ એકટને ગાંધીજીએ કાળો કાયદો કહ્યો કારણ કે .......

(9) બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગઈ કારણ કે ......

(10) મુસ્લિમ લીગે ‘‘સીધા પગલાં દિન’’ ઉજવ્યો કારણ કે ......

(11) કેન્દ્ર સરકારને રાજયોની પુનઃ રચના શા માટે કરવી પડી? કારણ કે ......

(12) ગુજરાત અને મહારાષ્ટ્રમાં શા માટે આંદોલનો થયો? કારણ કે ......

(13) મૃત સમુદ્રમાં ડૂબી જવાતું નથી કારણ કે ......

(14) આર્કટિક મહાસાગરને મળતી નદીઓ જળમાર્ગને ઉપયોગી નથી કારણ કે .......

પ્રશ્ન : 3 (B) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં જવાબ લખો.

(1) આઝાદી પહેલાં સમાજમાં કેવા કેવા કુરિવાજો હતા?

(2) હવાના પ્રદુષણ અટકાવવા શું શું કરવું જોઈએ?

(3) સુભાષચંદ્ર બોઝ જાપાન કઈ રીતે પહોંચ્યા?

(4) ચંદ્રશેખરનું આઝાદ નામ કેવી રીતે પડયું?

(5) બે સદી અગાઉ ભારતમાં વસ્તી વધારો કેમ નીચો હતો?

(6) ભારતમાં ‘‘ખિલાફત આંદોલન’’ શા માટે શરૂ થયું હતું?

(7) આંતકવાદની અસરો જણાવો.

(8) કેબિનેટ મિશનમાં કઈ કઈ દરખાસ્તો હતી?

(9) મુસ્લિમ લીગે ‘‘સીધા પગલાંદિન’’ કયારે, શા માટે ઉજવ્યો? તેનું શું પરિણામ આવ્યું?

(10) સંયુકત રાષ્ટ્રોની વિશેષ સંસ્થાઓના નામ લખો.

(11) લોર્ડ માઉન્ટ બેટને કઈ યોજના શરૂ કરી? શા માટે?

(12) દુનિયાના કયા કયા ખંડો દરિયાઈ સીમા ધરાવે છે?

(13) એશિયાના વિવિધ પ્રદેશોના લોકોના ખોરાકની ખાસિયતો ટૂંકમાં જણાવો.

(14) અસહકાર આંદોલનના મુખ્ય બે પાસાઓમાં શાનો સમાવેશ થતો હતો?

પ્રશ્ન : 3 (C) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.

(1) બંગાળના ભાગલાના શાં પરિણામ આવ્યાં?

(2) જાહેર હિતની અરજીની વ્યવસ્થાને શા માટે મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવે છે?

(3) વસ્તીગીચતા પર કયાં કયાં પરિબળોની અસર થાય છે?

(4) આંતકવાદના લક્ષણો જણાવો.

(5) આર્થિક પ્રવૃત્તિ કયાં કયાં ક્ષેત્રો પર નિર્ભર છે? સમજાવો.

(6) સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના કયા સંજોગોમાં થઈ?

(7) દેશી રાજયોના વિલિનિકરણ વિશે સંક્ષેપમાં જણાવો.

(8) ગોવા, દીવ અને દમણના ભારતીય સંઘમાં જોડવાની પ્રક્રિયાનું વર્ણન કરો.

(9) આફ્રિકા ખંડના સ્થાન અને વિસ્તાર વિશે ટૂંકમાં માહિતી આપો.

(10) આફ્રિકાના મુખ્ય નદીઓ અને સરોવરો વિશે ટૂંકનોંધ લખો.

**પ્રશ્ન : 4 (A)** નીચે આપેલી ટૂંકનોંધ લખો.

(1) આઝાદ હિંદ ફોજ

(2) ચંદ્રશેખર આઝાદ

(3) ખેડા સત્યાગ્રહ

(4) ખાનગીકરણ

(5) દાંડીકૂચ

(6) સામાન્ય સભા

(7) રાજય પુનઃ રચનાપંચની ભલામણો

(8) ઈજિપ્ત

(9) ભારતના પાડોશી દેશો

(10) રાજા રામ મોહનરાય

**પ્રશ્ન : 4 (B)** નીચેના સ્થળોને એશિયાના રેખાંકિત નકશામાં દર્શાવો.

❖નદીઓના નામ

(1) ગંગા નદી

(2) લીના નદી

(3) મેંકોગ નદી

(4) સિંધુ નદી

❖રણ પ્રદેશોના નામ

(1) અરેબિયાનું રણ

(2) થરનું રણ

(3) ગોબીનું રણ

(4) તાકલા માકાન

❖મેદાની પ્રદેશોના નામ

(1) સાઈબીરિયાનું મેદાન

(2) ચીનનું વિશાળ મેદાન

(3) ગંગાનું મેદાન

(4) સિંધુનું મેદાન

❖ઉચ્ચપ્રદેશોના નામ

(1) તિબ્બતનો ઉચ્ચપ્રદેશ

(2) ભારતનો ઉચ્ચપ્રદેશ

(3) ઈરાનનો ઉચ્ચપ્રદેશ

(4) પામીરનો ઉચ્ચપ્રદેશ